## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મિત્રો, તમારી મહેનતથી પેટ્રોલ ડિઝલના ભાવ એક થઈ ગયા સિંગતેલ કપાસીયાનાં એક થઈ ગયા હવે ફક્ત, ભાજી અને ખાજાનાં ભાવ સમાન થાય તે દિશામાં જોવાનું રહ્યું...**

## જિલ્લા કોંગ્રેસ દ્વારા શહેરમાં વિરોધ પ્રદર્શન

બેરોજગારી હટાવો અભિયાન અંતર્ગત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાની હેઠળ શહેર-જિલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે ધરણાં અને વિરોધ પ્રદર્શન કરાયું હતું. આ તબક્કે મોંઘા તેલને બદલે પાણીમાં પકોડા તળવાનો આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો. ત્યારબાદ ભાજપ સરકારના વિરોધમાં ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો. રૂપાણી સરકારની પાંચ વર્ષની જ ઉજવણી કેમ ? તેવા સવાલ સાથે રૂપાણી સરકારના નવ દિવસની ઉજવણી સામે ગુજરાત કોંગ્રેસ દ્વારા ૯ દિવસના સમાંતર વિવિધ આંદોલનકારી કાર્યક્રમો જાહેર કર્યો છે. ''નિષ્ફળતાઓની ઉજાણી, શરમ કરો રૂપાણી''... ''સંવેદનહીન સરકાર''ના નારા સાથે વિરોધ પ્રદર્શન તેમજ બેરોજગારી હટાવો અભિયાન અંતર્ગત ''સૌને મળે રોજગાર એ જ કોંગ્રેસનો મક્કમ નિર્ધાર'' સાથે ભાજપ હટાવો, ગુજરાત બચાવોની નેમ સાથે દેખાવો યોજીને વિરોધ પ્રદર્શન કરાયો હતો.

# વિવિધ ભરતી પ્રક્રિયાના અંતે એક જ દિવસે ૬૨ હજાર યુવાનોને નિમણૂક પત્રો અપાયા

## કોરોનાના કપરા કાળમાં પણ રાજ્યનો રોજગારી દર દેશમાં સૌથી ઊંચો

ગાંધીનગર, તા. ૬
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારને તા.૭ ઑગસ્ટના રોજ પાંચ વર્ષની સફળ પૂર્ણતાના વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનુ તા.૧લી ઑગસ્ટથી તા. ૯મી ઑગસ્ટ દરમિયાન રાજયવ્યાપી આયોજન કરાયુ છે. જે અંતર્ગત તા.૫મી ઑગસ્ટના રોજ ''રોજગાર દિવસ'' નિમિત્તે રાજ્યનાં તમામ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાનાં કુલ ૫૨ સ્થળોએ મેગા જોબફેર અને નિમણૂક પત્રોના વિતરણ કાર્યક્રમો યોજાયા.

કોરોનાના કપરા કાળમાં જયારે વિશ્વ આખુ રોજગારી સહિતની અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે એવા સમયે પણ દેશભરમાં ગુજરાતનો રોજગારી દર સૌથી ઊંચો રહ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ સહિત અન્ય સરકારી વિભાગોમાં શિક્ષણ સહાયક, નર્સ સહિતના વિવિધ સંવર્ગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી. બોર્ડ-કોર્પોરેશનની તથા ખાનગી ક્ષેત્રોમાં પણ મહત્તમ રોજગારી પૂરી પાડવામાં આવી છે. જેમાં પસંદગી પામેલા અંદાજે ૬૨ હજાર યુવાનોને આજે સુરત ખાતેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.




રોજગાર દિવસ નિમિતે અભિનવ ડિજિટલ પહેલ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રોજગારદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ એક વિશેષ રોજગાર પોર્ટલ ''અનુબંધમ્''તૈયાર કરવામાં આવ્યું છે જેનો પણ આજે મુખ્યમંત્રીએ શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સુરતમાં રોજગાર દિવસના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં જણાવ્યું કે યુવાધનને 'જોબ સિકર નહીં, પણ જોબ ગિવર' બનાવવાના સરકારના અભિનવ અભિગમના કારણે યુવાનોને વૈશ્વિક સ્પર્ધા માટેના અવસરો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજ્ય સરકારે લીધેલા યુવાધન માટેના અનેક ભવિષ્યલક્ષી પગલાઓ, નીતિઓ અને શ્રેણીબદ્ધ રોજગાર મેળાઓ થકી છેલ્લા પાંચ વર્ષમાં બે લાખ સરકારી નોકરી આપી છે. 'લર્નિંગ વીથ અર્નિંગ'ના અભિનવ અભિગમ સાથે રાજ્ય સરકારે શરૂ કરેલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૨.૩૦ લાખથી વધુ યુવાનોને આ યોજનાનો લાભ મળ્યો છે. ગુજરાતમાં ભારતના સૌથી વધુ ૨૪ ટકા એપ્રેન્ટિસ છે. એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને પ્રતિ માસ અભ્યાસની સાથે રાજ્ય સરકારનું રૂ.૫ હજાર સુધીનું સ્ટાઈપેન્ડ મળતાં ઉદ્યોગો પર આર્થિક ભારણ પણ રહ્યું નથી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો એક પણ દર્દી હાલ સારવાર હેઠળ નથી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલની તબિયત નાદુરસ્ત થઈ છે.
- ગુજરાત સરકારે ૨૯૪ જેટલા મદદનીશ ઈજનેરોની ભરતી કરી તેમને નિમણુંકો આપી છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ૯ ઓગષ્ટના રોજ વોર્ડ નં. ૯ માં સાયકલયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા સી.એ. સેલ તેમજ બિન-ગુજરાતીભાષી સેલની રચના કરવામાં આવી છે.
- સરકારી આયુર્વેદ ઓ.પી.ડી. ગાંધીનગર સિવિલ દ્વારા દ્વિ-દિવસીય આશા/એ.એન.એમ.ની તાલિમનું આયોજન જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ.
- રાજ્યભરમાં સરકારના પાંચ વર્ષની ચાલી રહેલી ઉજવણીના આયોજનોમાં વ્યસ્ત બનેલ તંત્રમાં પ્રજાના પ્રશ્નોની ફાઈલોના ઢગલા કચેરીઓમાં થયા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ. કેર ફંડમાંથી ફાળવવામાં આવેલ ઓક્સિજન પ્લાન્ટ તેમજ ભોંયણ રાઠોડ ખાતે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલ ઓક્સિજન પ્લાન્ટ એમ બે પ્લાન્ટનું આજે લોકાર્પણ થશે.

# સેકટર-૪ શોંપીગ સેન્ટર પાસે યુવક પર દશ શખ્સોનો હુમલો

### છરો, લોખંડની પાઈપ, સળીયો સહિતના હથીયાર સાથે યુવક પર તુટી પડ્યા, દશ યુવકો સામે પોલીસ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૪ શોંપીગ સેન્ટર પાસે ગતરાત્રીના સમયે મોંઘીદાટ કારમાં આવેલા ૧૦ જેટલા શખ્સોએ હાહાકાર મચાવ્યો હતો. માથાભારે શખ્સોએ સેકટર-૫ ના યુવક પર લોખંડની પાઈપ, છરો, ગુપ્તી, અને સળીયા વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ યુવકના મિત્રોને પણ મુઢમાર મારી ફરીયાદ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૫ સી પ્લોટ નં. ૯૮૭-૨ ખાતે રહેતા ૧૯ વર્ષિય મિત સુરેશભાઈ પટેલ નવ ગુજરાત કોમર્સ કોલેજમાં બી કોમમાં અભ્યાસ કરે છે. ગતરોજ મતી અને તેનો મોટોભાઈ મન તેમજ મિત્ર હર્ષ ભરત પટેલ ટોયોટા અર્બન કલુઝ કારમાં સેકટર-૪ ખાતે રહેતા મિત્રોને મળવા માટે જઈ રહ્યા હતા.તે સમયે ગ માર્ગ પરથી એક કાર તેમની નજીકથી પસાર થઈને સેકટર-૪ શોંપીગ સેન્ટર પાસે આવીને ઉભી રહી હતી. જે કારમાં નિખિલ ઉપાધ્યાય તેમજ જયરાજસિંહ ગોધાવી બેઠા હતા. જેઓને મીતે કાર ધીમી ચલાવવા માટે ઠપકો આપી શોંપીગમાં ઉભેલા તેના મિત્ર ઓમ શૈલેષભાઈ પટેલ સાથે વાતચીત કરી રહ્યા હતા. ત્યારબાદ નિખિલનો મિત્ર હીતેન્દ્રસિંહ વાઘેલા અને દિવ્યરાજ વાઘેલા ફોર્ચ્યુનર કારમાં આવીને પટ્ટો લઈને નિખિલ ઉપાધ્યાય સાથે કેમ ઝઘડો કરો છો. તેમ કહીને ગાળાગાળી કરીને શોંપીગમાં આવેલી સુરેન્દ્રસિંહની ઓફિસમાં ગયા હતા. તે પછી નિખિલ ઉપાધ્યાય, જયરાજસિંહ ગોધાવી, હીતેન્દ્રસિંહ વાઘેલા, દિવ્યરાજ વાઘેલા, સુરેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા અને રવિન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા સહિત અન્ય ચાર શખ્સો હાથમાં લોખંડની પાઈપ, સળીયો, છરો અને ગુપ્તી જેવા હથીયાર લઈ મીત પટેલ પર તુટી પડ્યા હતા. જેમા એક શખ્સે માથાના ભાગે પ્લાસ્ટીકનું કેરેટ અને બરડાના ભાગે લોખંડની પાઈપ મારી હતી. જયારે મન પટેલને સુરેન્દ્રસિંહે લાફા માર્યા હતા. તે ઉપરાંત મિત પટેલના મિત્રો હર્ષ, રોનલ, અને ઓમને પણ માર મારી હોબાળો મચાવતા સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે સિવિલ ખસેડાયા હતા.જયા મન પટેલને માથાના ભાગે ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાગજીના મુવાડા ગામે આંગણવાડીનું ખાર્તમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં દહેગામના ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણના વરદ હસ્તે આંગણવાડીનું ખાર્તમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા વિકાસ અધિકારી તેમજ આઈ.સી.ડી.એસ શાખાના કર્મચારી અને ગ્રામજનો હાજર રહ્યા હતા. મમતા દિવસ ની ઉજવણી કરવામાં આવી અને THRનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# અધધ...રણાસણની સીમમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રણાસણ ગામની સીમમાં આવેલી બાલાપીર દરગાહની બાજુમાં ખુલ્લી જગ્યામાં ચાલી રહેલા દારૂના કટીંગ સમયે જ ડભોડા પોલીસ ત્રાટકી હતી.

### પોલીસે પકડેલા વાહનોની વિગત

- ટાટા કંપનીનું મોટી કન્ટેનર નં.એચ.આર.૫૫.એકસ-૦૬૬૫
- આઈસર કન્ટેનર નં. જી.જે.૦૬.એકસ.એકસ.-૬૩૨૩
- સ્કોર્પિયો કાર નં.જી.જે.૨૭.બી.એસ.-૮૩૮૪
- કાળા કલરની એસેન્ટ કાર નં.જી.જે.૦૧.કે.એ.-૬૬૩૧
- સફેદ કલરની ફ્રન્ટી જી.જે.૦૧.એ.પી.-૩૦૧૧
- બજાજની સીએનજી રીક્ષા નં. જી.જે.૧૮.એ.વાય.-૬૧૧૪
- સફેદ કલરનું એકટીવા નં.જી.જે.૧૮.ડી.એફ.-૯૧૩૩

પોલીસે સ્થળ પરથી ૭ વાહનો સહિત વિદેશી દારૂની ૧૦ હજાર થી વધુ વિદેશી દારુની બોટલ મળી કુલ રૂ. ૬૫,૫૮,૪૦૦ નો મુદ્દામાલ પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા ગાંધીનગર જિલ્લામાં દારૂ જુગારની અસામાજીક પ્રવૃતિઓ શોધી કાયેદસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી.જેને પગલે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એ.એ.વછેટાના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો એએસઆઈ જયેન્દરકુમાર ભવાનભાઈ, જગદીશસિંહ રજુજી, હે.કો.પદમસિંહ નવલસિંહ, વિપુલ પુજાજી, ભદ્રેશ જયંતિલાલ, ભરત ભોળાભાઈ, વિજય બેચરભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ, મહોબતસિંહ સહિત ભારતસિંહ પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે રણાસણ ગામની સીમમાં આવેલ બાલાપીર દરગાહની બાજુમાં રહેતા વિપુલ રમેશજી ઠાકોર, ચિરાગ રમેશજી ઠાકોર, અને નિકુલ રમેશજી ઠાકોર ત્રણેય ભાઈ પોતાના ઘરની બાજુમાં આવેલી જગ્યામાં વિદેશી દારૂનો જથ્થો



મંગાવી તે જથ્થો બીજા વ્યકિતઓ દ્વારા એક વાહનમાંથી બીજા અન્ય નાની મોટી ગાડીઓમાં તેમજ ટુ વ્હીલરમાં ટ્રાન્સફર કરવાની કામગીરી ચાલી રહી છે. દારૂના કટીંગની કાર્યવાહી ચાલુ છે. જેથી બાતમીવાળી જગ્યાએ તાત્કાલીક પોલીસ પહોંચી જઈને રેઈડ પાડીને સ્થળ પરથી વિવિધ ૭ વાહનો મળી આવ્યા હતા. વિદેશી દારૂની બોટલ નંગ-૧૦,૭૧૬, કિં.રૂ.૩૬, ૩૮, ૪૦૦ તેમજ વાહનોની કુલ કિં.૨૯,૨૦,૦૦૦ મળી કુલ રૂ.૬૫,૫૮,૪૦૦ નો મુદ્દામાલ પકડી પાડી ત્રણેય ભાઈ સહિત વાહન માલિક અને ચાલક સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે આરોપી વિપુલ રમેશજી ઠાકોર વિરુધ્ધ દહેગામ તજે ડભોડા પોલીસ મથકે પ્રોહીબિશન એ જુગારધાર હેઠળ ગુના નોંધાયેલા છે.

## પાછી હટાવી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિસ્તારમાં બાંધવામાં આવેલા તમામ કામચલાઉ માળખા અને અન્ય સંકળાયેલ માળખાને તોડી પાડવામાં આવ્યા છે અને આ બાબત તેમની વચ્ચે પુષ્ટિ પણ કરવામાં આવી છે. આ વિસ્તારમાં લેન્ડફોર્મ (જમીનનું એક કુદરતી સ્વરૂપ) બંને પક્ષો દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે, કારણ કે તે વિવાદ શરૂ થયા પહેલાથી હતુ. તેમણે આગળ કહ્યું કે, આ કરાર સુનિશ્ચિત કરે છે કે, આ ક્ષેત્રમાં એલએસીનું બન્ને પક્ષો દ્વારા કડકાઈથી પાલન કરે અને સન્માન કરવામાં આવશે અને યથાસ્થિતિમાં એકતરફી ફેરફાર કરવામાં નહીં આવે.

સેનાએ જણાવ્યું હતું કે, ગોગરામાંથી સેનાને પાછી હટવાની સાથે અન્ય એક સંવેદનશીલ વિસ્તારનો ઉકેલ આવ્યો છે. બંને પક્ષોએ સંવાદને આગળ વધારવા અને પશ્ચિમ વિસ્તારમાં એલએસી સાથે બાકીના મુદ્દાઓને ઉકેલવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

લશ્કરી વાટાઘાટોના છેલ્લા રાઉન્ડમાં, બંને પક્ષોએ આ વિસ્તારમાં તણાવ ઘટાડવાના વ્યાપક ઉદ્દેશ સાથે હોટ સ્પ્રિંગ્સ, ગોગરા અને ડેપસાંગમાં સૈનિકો પાછા ખેંચવાની સાથે આગળ વધવાના રસ્તા પર ચર્ચા કરી. જોકે, સૈનિકો પાછા ખેંચવાની દિશામાં આગળ કોઈ પ્રગતિ થઈ નથી. અગાઉ ફેબ્રુઆરીમાં, બંને પક્ષોએ શ્રેણીબદ્ધ લશ્કરી અને રાજદ્વારી વાટાઘાટો બાદ પેંગોંગ તળાવના ઉત્તર અને દક્ષિણ કાંઠેથી સૈનિકો અને હથિયારો પાછા હટાવવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

## ગેરહાજરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૧૦ ટકા જેટલા વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ ન મોકલતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ઓફલાઈન શિક્ષણની સાથે શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ પણ ચાલી રહ્યુ છે. જેના લીધે વિદ્યાર્થીઓને વિકલ્પ પણ મળી રહે છે. વિવિધ કારણોસર વાલીઓ હજુ વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા ખચકાય છે તેમ પણ મનાઈ રહ્યુ છે. એકબાજુ કોરોનાની ત્રીજી લહેરનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. આવા સંજોગોમાં કેટલાક વાલીઓ વિદ્યાર્થીઓને હજુ શાળાએ મોકલવા માટે રાજી નથી.

